આજની પ્રાર્થના....
મારા મનનાં અણુ એ અણુમાં, જાગો જીવન સ્વામી, તુજ જાગ્યે મુજ જીવન જાગે, દિવ્ય પ્રભા રહું પામી.

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૦૯ | ૨૯ જુન, ૨૦૨૧, મંગળવાર; જયેષ્ઠ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કોવિડ પ્રભાવિત સેક્ટર્સ માટે ૧.૧ લાખ કરોડનું પેકેજ

**હેલ્થ સેક્ટર માટે ૫૦ હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે. આ રકમ નોન મેટ્રો મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વાપરવામાં આવશે : કોરોનાથી પ્રભાવિત ભારતીય અર્થતંત્રમાં નવો પ્રાણ પુરવાનો પ્રયાસ**



નવી દિલ્હી, તા. ૨૮

નાણા મંત્રી નિર્મલા સીતારામણે કોવિડ પ્રભાવિત સેક્ટર્સ માટે ૧.૧ લાખ કરોડ રૂપિયા ફાળવવાની જાહેરાત કરી છે. કોરોના મહામારીથી પ્રભાવિત ભારતીય અર્થતંત્રમાં નવો પ્રાણ ફુંકવા માટે અનેક મોટી જાહેરાતો કરવામાં આવી રહી છે.

તે સિવાય હેલ્થ સેક્ટર માટે ૫૦ હજાર કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે. આ રકમ નોન મેટ્રો મેડિકલ ઈન્ફ્રા માટે વાપરવામાં આવશે. હકીકતે કોરોનાની બીજી લહેરના કારણે અનેક સેક્ટર્સ સંકટમાં છે અને સતત સરકાર પાસે મદદની માગણી કરવામાં આવી રહી છે. થોડા દિવસો પહેલા સરકારે પણ જે સૌથી વધારે સંકટમાં હોય તેવા સેક્ટર્સને મદદ કરવા માટે સરકાર વિચારણા કરી રહી છે તેમ જણાવ્યું હતું.

નાણા મંત્રીએ નાના ઉદ્યોગોને મદદ કરવા માટે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કીમ (ઈસીએલજીએસ) માટે ફન્ડિંગમાં વધારો કરવાની જાહેરાત કરી છે. હાલ આ સ્કીમ ૩ લાખ કરોડ રૂપિયાની છે જેને વધારીને ૪.૫ લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યા છે.

સરકાર આ નવા પેકેજ દ્વારા એવા સેક્ટરને મદદ પહોંચાડવા પ્રયત્ન કરી રહી છે જે હાલના રાજ્યોના લોકડાઉનના કારણે પ્રભાવિત થયા હોય.

બ્લૂમબર્ગના અહેવાલ પ્રમાણે જે સેક્ટર્સને આવા રાહત પેકેજનો ફાયદો મળી શકે છે તેમાં ટુરિઝમ, એવિએશન અને હોસ્પિટાલિટી ઉપરાંત નાની અને મધ્યમ કંપનીઓનો સમાવેશ થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે કોરોના મહામારીથી પ્રભાવિત ઈકોનોમીને બહાર લાવવા માટે કેન્દ્ર સરકારે આત્મનિર્ભર ભારત પેકેજની જાહેરાત કરી હતી.

## આતંકીઓએ ઘરમાં ઘૂસીને પૂર્વ SPOને ગોળી મારી

**પુલવામામાં અવંતીપુરાના હરિપરિગામમાં આતંકીઓ ફૈયાઝના ઘરમાં ઘૂસી ગયા અને અંધાધૂંધ ફાયરિંગ કર્યુ : પત્નીએ સારવાર દરમિયાન હોસ્પિટલમાં દમ તોડ્યો**

શ્રીનગર,તા.૨૮

જમ્મુમાં ડ્રોન હુમલાના ૨૪ કલાકની અંદર જ આતંકીઓએ કાશ્મીરના પુલવામામાં પૂર્વ સ્પેશિયલ પોલીસ ઓફિસર ફૈયાઝ અહેમદની ગોળી મારીને હત્યા કરી છે. પુલવામામાં અવંતીપુરાના હરિપરિગામ નામના ગામમાં આતંકીઓ ફૈયાઝ અહેમદના ઘરમાં ઘૂસી ગયા અને અંધાધૂંધ ફાયરિંગ કર્યુ. આતંકીઓના અંધાધૂંધ ફાયરિંગમાં ફૈયાઝનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું અને પત્ની તથા પુત્રી ગંભીર રીતે ઘાયલ થયા. પોલીસના જણાવ્યાં મુજબ શહીદ ફૈયાઝ અહેમદના પત્નીએ પણ સારવાર દરમિયાન હોસ્પિટલમાં દમ તોડ્યો.



અધિકારીઓએ જણાવ્યું કે આતંકવાદીઓ રાતે લગભગ ૧૧ વાગે પુલવામાના અવંતીપુરા વિસ્તારમાં હરિપરિગામમાં પૂર્વ એસપીઓ ફૈયાઝ અહેમદના ઘરમાં ઘૂસી ગયા અને પરિવાર પર ગોળીઓ ચલાવી. પોલીસના જણાવ્યા મુજબ વિસ્તારને ઘેરી લેવાયો છે અને સર્ચ ઓપરેશન ચાલુ છે. આ બાજુ રવિવારે જમ્મુ કાશ્મીર પોલીસે લશ્કર એ તૈયબાના એક સમૂહ રેસિસ્ટન્સ ફોર્સ સાથે જોડાયેલા કથિત આતંકવાદીની ધરપકડ કરી છે. તેની પાસેથી ૫.૫ કિલોગ્રામ આઈઈડી જપ્ત કરાયુ છે. જમ્મુના વરિષ્ઠ પોલીસ અધિક્ષક ચંદન કોહલીએ ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ રામબનના જૈનહાલ-બનિહાલ રહીશ નદીમ ઉલ હક તરીકે કરી. એસએસપીએ જણાવ્યું કે હક પાકિસ્તાન અને દક્ષિણ કાશ્મીરના શોપિયામાં તેમના આકાઓના સંપર્કમાં હતો.

## જમ્મુ મિલિટ્રી સ્ટેશન પર બે ડ્રોન દેખાતા સેનાનો ગોળીબાર

**ડ્રોન દ્વારા સૈન્ય કેમ્પો ટાર્ગેટ કરવા આતંકીઓનો પ્રયાસ : સેનાના ફાયરિંગ બાદ આ ડ્રોન ગાયબ થઈ ગયા, હાલ સેના સર્ચ ઓપરેશન દ્વારા આ ડ્રોનની તપાસ કરી રહી છે**

નવી દિલ્હી, તા. ૨૮

આતંકવાદીઓએ ફરી એક વખત ડ્રોન દ્વારા સૈન્ય ઠેકાણાઓને ટાર્ગેટ કરવાનો પ્રયત્ન કર્યો છે. જમ્મુમાં એરફોર્સ સ્ટેશન પર થયેલા ડ્રોન હુમલાના એક દિવસ બાદ ફરી આતંકવાદીઓએ મિલિટ્રી સ્ટેશન પર પણ હુમલો કરવાનો પ્રયત્ન કર્યો છે. જાણવા મળ્યા મુજબ જમ્મુના કાલૂચક મિલિટ્રી સ્ટેશન પર સવારે ૩:૦૦ વાગ્યે ૨ ડ્રોન દેખાયા હતા. જોકે સેના એલર્ટ હતી અને ડ્રોન દેખાતા જ સેનાએ તેના પર ૨૦થી ૨૫ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

વહેલી સવારે ૩:૦૦ વાગ્યા આસપાસ કાલૂચક મિલિટ્રી સ્ટેશન પર આ ડ્રોન દેખાયા હતા. તેને જોતા જ સેનાના જવાનોએ ૨૦થી ૨૫ રાઉન્ડ ફાયરિંગ કરી દીધું હતું. ફાયરિંગ બાદ આ ડ્રોન ગાયબ થઈ ગયા હતા. હાલ સેના સર્ચ ઓપરેશન દ્વારા આ ડ્રોનની તપાસ કરી રહી છે.

જમ્મુ એરપોર્ટ ખાતે આવેલા એરફોર્સ સ્ટેશન અંદર રવિવારે મોડી રાતે ૨ વિસ્ફોટો થયા હતા.



## અતિઆધુનિક અગ્નિ-પી મિસાઈલનું સફળ પરીક્ષણ

ભૂવનેશ્વર, તા. ૨૮

ડીઆરડીઓએ પરમાણુ ક્ષમતાથી લેસ આગામી પેઢીની મિસાઈલ અગ્નિ-પીનું સફળ પરીક્ષણ કર્યુ છે. ડીઆરડીઓએ અગ્નિ મિસાઈલનું સફળ પરીક્ષણ ઓડિશાના બાલાસોરમાં ડોક્ટર એપીજે અબ્દુલ કલામ દ્વિપમાં સવારે ૧૦ વાગ્યેને ૫૫ મિનિટ પર કર્યું. ડીઆરડીઓના અધિકારીએ જણાવ્યું કે, તેમના દ્વારા આ મિસાઈલ વિકસિત કરવામાં આવી છે. અગ્નિ પ્રાઈમ મિસાઈલને ૪,૦૦૦ કિમીની રેન્જ ધરાવતી અગ્નિ-૪ અને ૫,૦૦૦ કિમીની અગ્નિ-૫ મિસાઈલમાં વપરાતી અત્યાધુનિક ટેક્નોલોજી ભેગી કરીને તૈયાર કરવામાં આવી છે.

અગ્નિ પી મિસાઈલ એક બેલિસ્ટિક મિસાઈલ છે. જેની મારક ક્ષમતા ૧૦૦૦ કિમીથી ૨૦૦૦ કિમી સુધી છે. તે જમીનથી જમીન પર માર કરનારી મિસાઈલ છે. જે લગભગ ૧૦૦૦ કિગ્રાનો પેલોડ કે પરમાણુ શસ્ત્ર લઈ જઈ શકે છે. ડબલ સ્ટેડવાળી મિસાઈલ અગ્નિ-૧ની સરખામણીમાં તે હળવી અને વધુ પાતળી હશે.

## ટ્વિટરે ભારતના નક્શામાં જમ્મુ-કાશ્મીર, લદાખને સામેલ ન કર્યા

**ટ્વિટર અને કેન્દ્ર સરકાર વચ્ચેના તણાવ વધશે : ટ્વિફ લાઈફ સેક્શનમાં મેપ પર કંપની વિશ્વમાં ટ્વિટરની ટીમ છે તેવું દર્શાવે છે જેમાં આ વિવાદાસ્પદ નક્શો છે**

નવી દિલ્હી, તા. ૨૮


ટ્વીટર અને કેન્દ્ર સરકાર વચ્ચે વ્યાપેલા તણાવમાં વધારો થાય તેવી ઘટના બની છે. આ વખતે ભારતના નકશા સાથે છેડછાડ કરવાને લઈને વિવાદ વકરી શકે છે.

સરકારી સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે ટ્વીટરે પોતાની વેબસાઈટ પર ભારતનો જે નકશો દર્શાવ્યો છે તેમાં જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને સામેલ નથી કર્યા. ટ્વીટરે પોતાની વેબસાઈટ પર જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને ૨ અલગ-અલગ દેશ તરીકે દર્શાવ્યા હોવાનો આરોપ છે.

ટ્વીટરના કરિયર પેજ પર ટ્વિફ લાઈફ સેક્શનમાં વર્લ્ડ મેપ છે. ત્યાં કંપની સમગ્ર વિશ્વમાં ટ્વીટરની ટીમ છે તેવું દર્શાવે છે. આ નકશામાં ઈન્ડિયાનો પણ સમાવેશ થાય છે. પરંતુ ભારતનો નકશો વિવાદિત દેખાડ્યો છે. અગાઉ પણ લદ્દાખને ભારતના હિસ્સા તરીકે ન દર્શાવેલ. જોકે બાદમાં સુધારી લેવામાં આવેલ.

હવે સરકાર ખુલ્લેઆમ ટ્વીટરના વિરોધમાં આવી ગઈ છે અને રવિશંકર પ્રસાદે સ્પષ્ટ કરી દીધું છે કે, ટ્વીટર ભારતને લઈ બેવડું વલણ દાખવે છે. આ કારણે આ વિવાદ વધુ વકરી શકે છે.

ટ્વીટરના કરિયર પેજ પર ભારતનો જે નકશો છે તેમાં જમ્મુ કાશ્મીર અને લદ્દાખ નથી દર્શાવ્યા. મતલબ કે તેમને સરહદની બહાર દર્શાવ્યા છે. સોશિયલ મીડિયા પર લોકો આ મુદ્દે ભારે ટીકા કરી રહ્યા છે. જોકે હજુ સુધી ટ્વીટરે આ મુદ્દે કોઈ નિવેદન નથી બહાર પાડ્યું.



## વિશ્વમાં સૌથી વધુ રસીકરણ કરનાર ભારત પ્રથમ દેશ

**ભારતમાં અત્યાર સુધી ૩૨.૩૬ કરોડ, જ્યારે અમેરિકામાં ૩૨.૩૩ કરોડ ડોઝ અપાયા**

ન્યુ દિલ્હી,તા.૨૮

ભારતમાં કોરોના વાયરસની રસીના ડોઝ લેવાની સંખ્યા ૩૨ કરોડને પાર થઈ ગઈ છે. દેશમાં રવિવારના ૧૭,૨૧,૨૬૮ ડોઝ લગાવવામાં આવ્યા, ત્યારબાદ અત્યાર સુધીની કુલ સંખ્યા ૩૨,૩૬,૬૩,૨૯૭ થઈ ગઈ છે. આ સાથે જ દુનિયાભરમાં ભારત સૌથી વધારે રસીકરણ કરનારો દેશ બની ગયો છે. ગ્લોબલ વેક્સિન ટ્રેકરના એક રિપોર્ટ પ્રમાણે બ્રિટન, અમેરિકા, ઈટાલી, જર્મની, ફ્રાન્સ અને ભારતમાં રસીકરણની ગતિ તેજ છે.

ભારતમાં રસીકરણ આ વર્ષે ૧૬ જાન્યુઆરીથી શરૂ થયું, જ્યારે બ્રિટનમાં ૮ ડિસેમ્બરના, અમેરિકામાં ૧૪ ડિસેમ્બર, ઈટાલી, જર્મની અને ફ્રાન્સમાં ૨૭ ડિસેમ્બરના રસીકરણની શરૂઆત થઈ. રિપોર્ટ પ્રમાણે સોમવાર ૨૮ જૂનની સવારે ૮ વાગ્યા સુધી બ્રિટનમાં ૭,૬૭,૭૪,૯૯૦, અમેરિકામાં ૩૨,૩૩,૨૭,૩૨૮, ઈટાલીમાં ૪,૯૬,૫૦,૭૨૧, જર્મનીએ ૭,૧૪,૩૭,૫૧૪ અને ફ્રાન્સમાં અત્યાર સુધી ૫,૨૪,૫૭,૨૮૮ ડોઝ આપવામાં આવ્યા છે. ભારતમાં આ સંખ્યા ૩૨,૩૬,૬૩,૨૯૭ છે.

